તમારા કેશ એન્ડ ફૂડ અસિસ્ટન્સ (રોકડ અને આહાર સહાય) અધિકારો તથા જવાબદારીઓ
Your Cash and Food Assistance Rights and Responsibilities

ગ્રાહકનું નામ (ઘરના વડા)
ગ્રાહક ID ક્રમાંક

તમારી જવાબદારીઓ (તમારે માટે અનિવાર્ય)

- **તમારી પાત્રતાનું નિર્ધારણ કરવા માટે અમને જરુરી હોય તેવી માહિતી અમને આપવી.**
- **જ્યારે પુરાવાની જરૂર હોય ત્યારે અમને આપવા.** અમે તે તમારે માટે મેળવી શકીએ તેવું બને. તમે ડિપાર્ટમેન્ટને જે વિગતો આપો તે ફેડરલ અને સ્ટેટ અધિકારીઓ દ્વારા ચકાસણી કરાવાને પાત્ર હોય છે. ચકાસણીમાં ડિપાર્ટમેન્ટના છેતરપીંડી તપાસકર્તાઓ સહિતના કર્મચારીઓ દ્વારા અનુવર્તન માટે સંપર્કો કરવામાં આવે તેનો સમાવેશ થઇ શકે છે.
- **Department of Social and Health Services ને આપવામાં આવેલી વિગતો** Health Care Authority અને Health Benefit Exchange દ્વારા સંચાલન કરવામાં આવતા સ્વાસ્થ્ય કાળજીના કવરેજ માટેની પાત્રતાને પ્રભાવિત કરી શકે.
- વૉશિંગ્ટન વહીવટી સંહિતા (Washington Administrative Code, WAC) 388-418-0005 માં જરૂરી છે તે અનુસાર **ફેરફારોની જાણ કરવી** (દા.ત. સરનામું, આવક, વગેરે). તેમને આગામી મહિનાની 10મી સુધીમાં જાણ કરવી.
- જો તમે TANF અનુદાન સ્વીકારો તો **Division of Child Support (ડિવિઝન ઑફ ચાઇલ્ડ સપોર્ટ) (DCS) ને સહકાર આપવો**. તમારે DCS ને તમારી કાળજીમાંના બાળક(કો) માટે બાળ ટેકો પ્રસ્થાપિત કરવા, ફેરફાર કરવા, અથવા પાલન કરાવવામાં, અને WAC 388-422-0005 માં જરૂરી બનાવ્યા પ્રમાણે પૈતૃત્વ પ્રસ્થાપિત કરવામાં (જો જરૂરી હોય તો) મદદ કરવી અનિવાર્ય છે. જો તમે એ દર્શાવી શકો કે તમારી પાસે એવું માનવા માટે એક સારું કારણ છે કે DCS સાથે સહકાર સાધવાથી તમે, તમારા બાળકો, અથવા તમે જે બાળકોની કાળજી રાખી રહ્યાં હોય તેમને કસ્ટડી ન ધરાવતા માતા/પિતા તરફથી હાનિનું જોખમ રહેલું છે તો તમે DCS સાથે સહકાર સાધવાનું નકારી શકો.
- જ્યારે તમે રોકડ સહાય માટે માંગણી કરો અથવા પ્રાપ્ત કરો ત્યારે અન્ય સ્ત્રોતોથી સંભવિત આવક મેળવવા માટે **અરજી કરો** અને વાજબી પ્રયત્ન કરો.
- **જરૂરી બનાવાયેલા અહેવાલો અને સમીક્ષાઓ પૂરી કરો.**
- રોકડ સહાય અને આહાર સહાય માટે **કાર્ય જરૂરિયાતોનું પાલન કરો.**
- જો તમે તમારા વતી અન્ય કોઇ વ્યક્તિ તમારી આહાર સહાયનો ઉપયોગ કરે તેમ ઇચ્છતા હોવ તો **અમને જણાવો**.
- **અમારી ગુણવત્તા નિયંત્રણ સમીક્ષાઓ બાબતે સહકાર આપો.**
- **આહાર સહાયનો ઉપયોગ** ફક્ત તમારા ઘરના સભ્યો માટે આહાર ખરીદવા માટે કરવો.
- **રોકડ સહાયનો ઉપયોગ** ફક્ત તમારા ઘરના સભ્યોના લાભ માટે કરવો.
- **તમારે** ફક્ત સહાય માટે અરજી કરી રહેલા લોકો માટેના જ **સામાજિક સુરક્ષા ક્રમાંક** (**Social Security Numbers**, **SSN**) અથવા ઇમિગ્રેશન સ્થિતિ **પૂરી પાડવી અનિવાર્ય છે**. જો તમે ઘરના અરજી ન કરી રહેલા સભ્યો માટે SSN અથવા ઇમિગ્રેશન સ્થિતિ ન પૂરી પાડવાનું પસંદ કરો તેવી સ્થિતિમાં, પાત્રતા નિર્ધારણ કરવા માટે, જો જરૂર હોય તો, ઘરના તમામ સભ્યોની આવક અને સંસાધનોની ખરાઇ કરાશે જ.

તમારા અધિકારો (અમારે માટે કરવું અનિવાર્ય છે)

- તમારા નામ, સરનામાં, અને સહી અથવા તમારા અધિકૃત પ્રતિનિધીની સહી વાળી **અરજી સ્વીકારવી**.
- **તમને DSHS પત્રકો ભરવામાં મદદ કરવી.**
- જો તમે ઝડપથી પગલાં લેવાય તેવી સેવા માટે પાત્ર હોવ તો આહાર સહાય માટેની તમારી વિનંતી પર સાત (7) દિવસમાં **પ્રક્રિયા કરવી**.
- જ્યારે તમે દસ્તાવેજો પૂરાં પાડો ત્યારે જો તમે માંગો તો **તમને રસીદ આપવી**.
- મોટા ભાગના કિસ્સાઓમાં, 30 દિવસની અંદર તમને **એક લેખિત નિર્ણય આપવો**.
- તમે **છેતરપીંડીની વહેલી શોધ કરવી** (**Fraud Early Detection**, FRED) ની ઑફિસમાંથી આવતા તપાસકર્તા સાથે વાત કરવાનું નકારી શકો. તમારે તપાસકર્તાને તમારા ઘરની અંદર આવવા દેવા જરૂરી નથી. તમે તપાસકર્તાને અન્ય કોઈ સમયે પાછા આવવા જણાવી શકો. આનાથી સહાય માટેની તમારી પાત્રતાને અસર થશે નહિ.

તમારા અધિકારો (અમારે માટે અનિવાર્ય છે) ચાલુ

- જો ડિપાર્ટમેન્ટ તમારા કેસમાં જે નિર્ણય લે તેનાથી તમે અસંમત હોવ તો **તમે એક વહીવટી સુનાવણી કરવા માટે જણાવી શકો**. તમે વહીવટી સુનાવણી માટેના તમારા અધિકારોને પ્રભાવિત કર્યા વિના, એક સુપરવાઇઝર અથવા વહીવટકર્તાને વિવાદગ્રસ્ત નિર્ણય અથવા પગલાંની સમીક્ષા કરવા પણ કહી શકો છો.
- જરૂરવાળા પરિવારો માટે કામચલાઉ સહાય (Temporary Assistance for Needy Families, TANF) કાર્યક્રમ હેઠળની 60-મહિનાની સમય મર્યાદા અને શરણાર્થી રોકડ સહાય (Refugee Cash Assistance, RCA) કાર્યક્રમ હેઠળની સમય મર્યાદા, જે તમે શરણાર્થી લાભો માટે પહેલી વખત પાત્ર બનો તે તારીખથી શરુ થાય છે, તેમના વિશે **તમને જાણ કરવી અમારે માટે અનિવાર્ય છે**. જો તે તારીખ જાન્યુઆરી 1, 2026 ના રોજ અથવા તે પછી હોય, તો સમય મર્યાદા આઠ (8) મહિના છે. જો તે તારીખ મે 5, 2025 અને ડિસેમ્બર 31, 2025 વચ્ચેની હોય, તો સમય મર્યાદા ચાર (4) મહિના છે. આ સમય મર્યાદા તમારી મૂળભૂત આહાર (બેઝિક ફૂડ) માટેની, અથવા બાળકની કાળજી માટેની સબસિડીઓને લાગુ પડતી નથી.

તમારા EBT કાર્ડ વિશે તમને જાણ હોવી જોઈએ તેવી બાબતો

- **લાભોનો દુરુપયોગ:** ઈલેક્ટ્રોનિક લાભ ટ્રાન્સફર (Electronic Benefit Transfer, EBT) કાર્ડ થકી વિતરીત થતા આહાર અને રોકડ લાભો તમે તમારા લાભો ક્યાં ઉપયોગમાં લીધા છે તેના વિનિમયોનો ઇતિહાસ DSHS ને પૂરો પાડશે. ડિપાર્ટમેન્ટ આ વિનિમય જાણકારીનો ઉપયોગ રોકડ સહાય લાભોના દુરુપયોગ અથવા આહાર સહાય લાભોનો રોકડ અથવા મૂલ્ય ધરાવતી અન્ય વસ્તુઓ સાથે અદલાબદલી (ટ્રાફિકિંગ) સામેની તપાસ પ્રક્રિયાઓમાં કરશે.
- **EBT કાર્ડ બદલી આપવુ:** અમે EBT કાર્ડ્સની બદલી આપવા માટે રકમ લાગુ કરી શકીએ. તમારા EBT કાર્ડ અને તમારા વ્યક્તિગત ઓળખ ક્રમાંક (Personal Identification Number, PIN) સલામત અને સુરક્ષિત રાખો.
- **ઊંચા બેલેન્સ (સિલક રકમ) વાળા EBT કાર્ડ્સ:** જો તમે એકસાથે મહિનાઓ સુધી તમારા લાભોનો ઉપયોગ ન કરો અથવા ઘણા મહિનાઓ બાદ ઊંચું બેલેન્સ એકઠું કરો, તો અમે તમારી પરિસ્થિતિ અથવા લાભો માટે તમારી જરૂરિયાતની સમીક્ષા કરવા માટે તમારો સંપર્ક કરી શકીએ.

તમે જાણતા હોવા જોઈએ તેવી બાબતો (મૂળભૂત આહાર - Basic Food)

- મૂળભૂત આહાર માટે અરજી કરી રહેલી વ્યક્તિઓ વિશે જાણકારી ખરી છે કે કેમ તે તપાસવા માટે **અમે તે જાણકારી** અન્ય ફેડરલ એજન્સીઓને **મોકલીએ છીએ**. જો કોઈ જાણકારી ખોટી હોય, તો અરજી કરનારા વ્યક્તિઓને મૂળભૂત આહાર ન મળે તેવું બને. જો કોઈ વ્યક્તિ એવી જાણકારી પૂરી પાડે જે ખોટી હોવાનું તેઓ જાણતા હોય, તો તેમના ઉપર ફોજદારી કાનૂની કાર્યવાહી થઈ શકે છે. મૂળભૂત આહાર નિયમોનો ઇરાદાપૂર્વક ભંગ કરવા સામેની શિક્ષાઓ તે કાર્યક્રમમાંથી ગેરલાયક ઠરવાવાથી લઈને, દંડ, અથવા સંભવિતપણે કેદ સુધી અલગઅલગ હોઈ છે.
- **જો તમે તમારી આહાર સહાયને** મૂલ્ય ધરાવતી કોઈ વસ્તુઓ જેમકે રોકડ, ડ્રગ્સ (કેફીદ્રવ્યો), હથિયાર, અથવા કોઈ અધિકૃત વિક્રેતા પાસેથી આહાર સિવાય બીજું કંઈ લેવા માટે **વેચો, વેચવાનો પ્રયાસ કરો, અદલાબદલી કરો અથવા દાન કરો** (ટ્રાફિકિંગ), તો તમે પહેલાં ઉલ્લંઘન માટે ઓછામાં ઓછા એક વર્ષના સમયગાળા માટે આહાર સહાય લાભો પ્રાપ્ત કરવાની પાત્રતા ગુમાવવાથી લઈને મહત્તમ આજીવનપણે ગેરલાયક બની શકો. જો તમે Washington સ્ટેટ છોડીને જતાં રહો અને અન્ય કોઈ સ્ટેટમાં લાભો માટે અરજી કરો તો પણ આ ગેરલાયકાત ચાલુ રહે છે.
- **જો તમારે મૂળભૂત આહાર માટેની કાર્ય જરૂરિયાતોમાં સહભાગી બનવું જરૂરી હોય,** અને તમે સહભાગી બનવામાં નિષ્ફળ રહો, તો પહેલી નિષ્ફળતા માટે તમને એક મહિના માટે અને તમે કાર્ય જરૂરિયાતોની પૂર્તતા ન કરો ત્યાં સુધી; બીજી નિષ્ફળતા બદલ ત્રણ મહિના અને તમે પૂર્તતા ન કરો ત્યાં સુધી; અને ત્રીજી વખત અને ત્યારબાદ નિષ્ફળ રહ્યે દરેક વખતે છ મહિના અને તમે પૂર્તતા ન કરો ત્યાં સુધી ગેરલાયક ઠેરવવામાં આવી શકે.
- મૂળભૂત આહાર કાર્યક્રમના કોઈ નિયમનો ભંગ કરવા બદલ આ પાનાં પર જણાવેલી મૂળભૂત આહાર દંડની ચેતવણીમાં વર્ણવ્યા અનુસાર **તમને મૂળભૂત આહાર કાર્યક્રમમાંથી દૂર કરવામાં આવી શકે**.
- **જો તમે ઇચ્છતા હોવ કે ડિપાર્ટમેન્ટ ઘરના ખર્ચાનો મૂળભૂત આહાર માટેના ખર્ચામાં સમાવેશ કરે તો તે અંગે અહેવાલ/જાણ કરો.** જો તમે આ ખર્ચાઓ માટે અહેવાલ ન કરો અને પુરાવા ન પૂરાં પાડો, તો તમે એવું જણાવો છો કે અમે આ ખર્ચાનો ઉપયોગ તમને વધુ મૂળભૂત આહાર મળી શકે કે કેમ તે નક્કી કરવામાં ન કરીએ એવું તમે ઇચ્છો છો.

તમે જાણતા હોવા જોઈએ તેવી બાબતો (રોકડ - TANF)

જરૂરવાળા પરિવારો માટે કામચલાઉ સહાય (TANF) મેળવીને, તમે તમારા બાળક અને જીવનસાથી માટેના ટેકા સંબંધિત અધિકારો Division of Child Support (ડિવિઝન ઑફ ચાઇલ્ડ સપોર્ટ)ને સોંપો છો. આનો અર્થ એવો થાય છે કે તમે TANF પ્રાપ્ત કરતાં હોવ તે દરમ્યાન જમા થતી પાછલા ટેકા (એરિયર્સ)ની રકમ DCS રાખી શકે. તમે TANF પ્રાપ્ત કરતાં હોવ તે દરમ્યાન DCS તમને એકત્ર કરેલ ચાલુ ટેકો મોકલશે.

- TANF મેળવતા હોવ તે દરમ્યાન બાળક માટે જો **તમને બાળ ટેકાની ચુકવણીઓ અથવા લાભો પ્રાપ્ત થાય તો તમારે તાત્કાલિક DCS ને જણાવવું અનિવાર્ય છે.**
- **જો તમને TANF પ્રાપ્ત થતું અટકી જાય**, તો તમારે બાળ ટેકાને પ્રભાવિત કરે તેવા કોઈપણ ફેરફારો વિશે DCS ને જણાવવું અનિવાર્ય છે, જેમકે જો બાળક હવે તમારી સાથે ન રહેતું હોય અથવા તમારું સરનામું બદલાય.
- **જો તમને TANF પ્રાપ્ત થાય**, તો તમે કામચલાઉ તાકીદના રહેણાક ખર્ચાની ચુકવણીમાં મદદ માટે **વધારાના નાણા માટે માંગ કરી શકો.**

તમે જાણતા હોવા જોઈએ તેવી બાબતો (રોકડ - RCA)

શરણાર્થી રોકડ સહાય (RCA) મેળવીને:

- **તમે ઘરમાં અપરણિત અથવા બાળકો વિનાના પરણિત વ્યક્તિ હોવ તે અનિવાર્ય છે.** જો તમે ગર્ભવતી બનો અથવા તમારે કોઈ બાળક માટે કાળજી રાખવી અનિવાર્ય બને તો તમારે અમને જાણ કરવી અનિવાર્ય છે કારણ કે તમે કોઈ અલગ રોકડ લાભ કાર્યક્રમ માટે પાત્ર હોઈ શકો.
- તમારી ઇમિગ્રેશન સ્થિતિ અને તમે ફેડરલ શરણાર્થી કાર્યક્રમો તથા સેવાઓ માટે પાત્ર બનો તે તારીખને આધારે **તમે આઠ (8) મહિનાઓ સુધી શરણાર્થી રોકડ સહાય પ્રાપ્ત કરવા માટે પ્રાપ્ત હોવ છો**.
- સહાય પ્રાપ્ત કર્યાના 30 દિવસની અંદર **તમારે રોજગાર અને તાલીમ સેવાઓમાં ભાગ લેવો અનિવાર્ય છે**, જેમાં તમને નોકરી મેળવવામાં અથવા અંગ્રેજી શીખવામાં મદદ કરતી પ્રવૃત્તિઓનો સમાવેશ થતો હોઈ શકે છે. જો તમે કોઈ ગંભીર અથવા લાંભાગાળાની અક્ષમતા ધરાવતા હોવ, અક્ષમતા ધરાવતા અન્ય પુખ્તની કાળજી રાખવા માટે તમારે ઘરે રહેવું અનિવાર્ય હોય, 60 વર્ષના અથવા તેનાથી વધુ ઉંમરના હોવ, અથવા પારિવારિક હિંસાનો ભોગ બનેલ વ્યક્તિ હોવ, તો તમારે આ સેવાઓમાં ભાગ લેવો જરૂરી ન હોય તેવું હોઈ શકે.
- **રોજગાર અને તાલીમ સેવાઓ અંગેની જરૂરિયાતોના ભાગરૂપે,** તમારે નોકરી માટેના તમામ ઇન્ટરવ્યૂમાં હાજરી આપવી, નોકરીની વાજબી રજૂઆતો સ્વીકારવી (સિવાય કે તે તમે જેના સભ્ય હોવ તેવા યુનિયન કરારથી વિપરીત હોય અથવા નોકરી કોઈ શ્રમિક વિવાદને કારણે ખાલી હોય) અનિવાર્ય છે, અને અમે નિર્ધારણ કર્યું હોય તેવા કોઈ યોગ્ય કારણ વિના કોઈ નોકરી છોડી ન શકો.
- **તમારી પાસે યોગ્ય કામ અને રોજગાર તથા તાલીમ સેવાઓ મેળવવાનો અધિકાર છે.** તમામ નોકરી અને રોજગાર તથા તાલીમ સેવાઓ સલામત, ભેદભાવ-રહિત હોવી, તમારા વ્યક્તિગત રોજગાર / શિક્ષણ સેવા યોજનાના વ્યાપમાંની પ્રવૃત્તિઓને સમાવતી હોવી, તથા તમે નિયમિત ધોરણે કરી શકો તેવી હોવી, લાક્ષણિકપણે કામ માટેના હોય તેવા કલાકોને સમાવતી હોવી, અને આવ-જા માટે વાજબી સમયની અંદર હોવી (બે કલાક કરતાં વધુ નહિ અથવા તે વિસ્તાર માટે સ્વીકાર્ય હોય તેટલા સમયથી વધુ નહિ) અનિવાર્ય છે. તાલીમ સેવાઓ તમને નોકરી મેળવવા તરફ દોરી જાય તેવી સંભાવના હોવી અનિવાર્ય છે, અને વેતન ન્યૂનતમ વેતનની પૂર્તતા કરતું અથવા તેનાથી વધુ હોવું અનિવાર્ય છે અથવા સમકક્ષ કામ માટે સામાન્યપણે ચુકવાતું હોય તેના કરતાં નોંધપાત્રપણે ઓછું ન હોવું અનિવાર્ય છે.
- **જો તમારે કોઈ નોકરીની રજૂઆત સ્વીકારવી અથવા RCA રોજગાર અને તાલીમ સેવાઓમાં સહભાગી બનવું જરૂરી હોય,** અને તેમ કરવામાં નિષ્ફળ રહો, તો તમારી સહાયને બંધ કરવામાં અથવા ઘટાડવામાં આવશે. પહેલી વખત સહભાગી ન હોવા બદલ ઘટાડો ત્રણ મહિનાનો હોય છે અને ત્યાર પછી સહભાગી ન બનવાના દરેક બનાવ બદલ ઘટાડો છ મહિનાનો હોય છે.
- આગામી મહિનાની 10મી સુધીમાં **તમને કોઈ નોકરી મળે તો તમારે થયેલી કોઈપણ આવકની જાણ અમને કરવી અનિવાર્ય છે**.
- **જો તમે અક્ષમતા ધરાવતા, અંધ, અથવા 65 વર્ષથી વધુ ઉંમરના હોવ તો,** તમે સામાજિક સુરક્ષા સંચાલન (સોશિયલ સિક્યુરિટી એડમિનિસ્ટ્રેશન (Social Security Administration, SSA) પાસે અન્ય સહાય કાર્યક્રમ માટે અરજી કરો તે દરમ્યાન RCA પ્રાપ્ત કરી શકો છો. અમે તમને તે કાર્યક્રમો માટે અરજી કરવામાં મદદ કરીશું. એકવાર તમે કોઈ સહાય કાર્યક્રમ માટે SSA પાસે મંજૂરી પ્રાપ્ત કરી લો એટલે, તમારા RCA લાભો અટકી જશે.
- તમારી અરજી પૂર્વેના 30 દિવસોની અંદર તમે તમારી નોકરી છોડી હોય અથવા કોઈ યોગ્ય કારણ વિના કોઈ વાજબી નોકરીની રજૂઆત નકારી હોય તો, **તમે RCA પ્રાપ્ત કરી શકો નહિ**.

સિવિલ અધિકારો અને ભેદભાવ ન કરવા અંગેનું નિવેદન

ફેડરલ નાગરિક અધિકારોના કાયદા અને USDA નાગરિક અધિકારોના નિયમનો તથા નીતિઓ અનુસાર, USDA, તેની સંસ્થાઓ, કચેરીઓ, કર્મચારીઓ, અને યુનાઇટેડ સ્ટેટ્સ ખેતી વિભાગ (United States Department of Agriculture, USDA) કાર્યક્રમોમાં ભાગ લઈ રહેલી અથવા તેમનો વહીવટ કરી રહેલી સંસ્થાઓને જાતિ, રંગ, મૂળ રાષ્ટ્રીયતા, ધર્મ, લિંગ, અક્ષમતા, ઉંમર, વૈવાહિક સ્થિતિ, પારિવારિક / માતા-પિતાની સ્થિતિ, જાહેર સહાય કાર્યક્રમોમાંથી પ્રાપ્ત થતી આવક, રાજકીય માન્યતાઓ, અથવા ભૂતકાળમાં નાગરિક અધિકારો સંબંધિત પ્રવૃત્તિઓને આધારે, USDA દ્વારા હાથ ધરાતા કે ભંડોળ અપાતા કોઈપણ કાર્યક્રમ અથવા પ્રવૃત્તિમાં ભેદભાવ કરવા અથવા પ્રતિશોધ અથવા બદલો લેવાથી પ્રતિબંધિત કરવામાં આવેલા છે (તમામ આધારો તમામ કાર્યક્રમોને લાગુ પડતા નથી). ઉપાયો અને ફરિયાદ દાખલ કરવાની સમયસીમાઓ કાર્યક્રમ અને બનાવ પર આધાર રાખતાં અલગઅલગ હોય છે.

અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ, કે જેમને કાર્યક્રમની જાણકારી માટે સંચારણના વૈકલ્પિક સ્વરૂપોની જરૂર હોય (દા.ત. બ્રેઇલ, મોટા અક્ષરવાળી પ્રિન્ટ, ઑડિયોટેપ, અમેરિકન સાંકેતિક ભાષા, વગેરે) તેમણે તે કાર્યક્રમનું સંચાલન કરતી સ્ટેટ અથવા સ્થાનિક સંસ્થાનો સંપર્ક કરવો જોઈએ, અથવા 711 (વૉઇસ અને TTY) પર ટેલિકમ્યુનિકેશન્સ રીલે સર્વિસ થકી USDA નો સંપર્ક કરવો જોઈએ. વધુમાં, કાર્યક્રમ વિશેની જાણકારી અંગ્રેજી સિવાયની ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવી શકે.

કાર્યક્રમમાં ભેદભાવ સંબંધિત ફરિયાદ નોંધાવવા માટે, USDA કાર્યક્રમ ભેદભાવ ફરિયાદ પત્રક, AD-3027 ભરો, જે 'કાર્યક્રમમાં ભેદભાવ સામે ફરિયાદ કેવી રીતે દાખલ કરવી' એ નામે ઑનલાઇન અને કોઈપણ USDA કચેરી ખાતે મળી આવશે, અથવા USDA ને સંબોધીને એક પત્ર લખો તથા પત્રકમાં વિનંતી કરેલી તમામ જાણકારી તે પત્રમાં પૂરી પાડશો. ફરિયાદ પત્રકની નકલ માટે વિનંતી કરવા માટે (866) 632-9992 પર કૉલ કરો. તમારું ભરેલું પત્રક અથવા USDA ને પત્ર આ થકી સુપ્રત કરો:

1. **ટપાલ**: USDA Food and Nutrition Service, 1320 Braddock Place, Room 334 Alexandria, VA 22314; અથવા
2. **ઈ-મેલ**: FNSCIVILRIGHTSCOMPLAINTS@usda.gov.

આ સંસ્થા તકો પૂરી પાડવામાં સમાનતા રાખે છે.

નીચે સહી કરીને, હું એ નિવેદન આપું છું કે DSHS લાભો પ્રાપ્ત કરવા અંગેના મારા અધિકારો અને ફરજો તથા કાર્યક્રમો મને સમજાવવામાં આવ્યા છે. હું સમજું છું કે જો હું આ દસ્તાવેજ પર સહી કરવાનું નકારું, તો તે મારી પાત્રતાને પ્રભાવિત નહિ કરે, પરંતુ હું કાર્યક્રમની જરૂરિયાતો માટે હજી પણ જવાબદાર ઠરું છું અને લાગુ પડતી હોય તેવા કાર્યક્રમ અથવા ફોજદારી કાનૂની દંડોને પાત્ર ઠરું છું.

અરજદારની સહી	તારીખ	સહ-અરજદારની સહી	તારીખ

DSHS કર્મચારી ACES ID: ☐ સહી કરવાનું નકાર્યું.